INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

<u>અખબારી યાદી</u> <u>તા. ૯-૯-૨૦૨૪</u>

ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ સોસાયટી એ ગુજરાત સરકાર પ્રસ્થાપિત સંસ્થા છે તેના ચેરમેન ગૃહ સચિવ શ્રી છે અને ગર્વનીંગ બોડીના સભ્યો IAS અને IPS અધિકારીશ્રીઓ છે, ભરતી નાં નિયમો ભંગ કરી ગેરકાયદેસર ભરતી કરાવામાં આવી છે એનાં તમામ પુરાવાઓ પણ આપ્યા છે છતાં પણ પોલીસ ફરિયાદ દાખલ કરતાં નથી ત્યારે **ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ સોસાયટી (GISFS) લાખો રૂપિયાના ભ્રષ્ટાચારના સજ્જડ પુરાવા અંગે તાત્કાલીક તપાસની** માંગ કરતા ગુજરાત સરકારના પૂર્વ મંત્રી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ નેતા ડૉ. દિનેશ પરમારે જણાવ્યું હતું કે, GISFS નાં ભરતી કૌંભાંડની ફરિયાદ બાબતે DGP સાહેબ પોલીસ ભવન ગાંધીનગર ને રજૂઆત કરવા છતાં શાહીબાગ પોલીસ સ્ટેશન ફરિયાદી ની ફરિયાદ CRPC-154 મુજબ દાખલ કરવામાં આવી રહી નથી. CRPC-154 મુજબ પોલીસ દ્વારા ફરિયાદ નાં નોંધવી એ ગુન્હો છે છતાં પણ ફરિયાદ દાખલ કરવામાં આવતી નથી. ગુજરત માં કેવો અન્યાય કે ફરિયાદ દાખલ કરાવવાં અરજદાર બે વર્ષ થી હેરાન થાય એમને ગૃરાજ્યમંત્રી નો સાંભળે, ગૃહ સચિવ નો સાંભળે, નામદાર ગુજરાત હાઇકોર્ટ નાં આદેશ નું ખોટું અર્થઘટન કરી ફરિયાદી ને હેરાન કરાય છે. આ ક્યા પ્રકારનું તંત્ર ચાલી રહ્યું છે ?

ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ સોસાયટી (GISFS) નાં ભરતી કૌંભાંડમાં સંડોવાયેલા સામે તપાસ કરાવી પોલીસ ફરિયાદ દાખલ કરાવવા શાહીબાગ પોલીસ સ્ટેશનમાં GISFS નાં કર્મચારીએ ફરીયાદ કરી હતી. શાહીબાગ પોલીસ સ્ટેશન દ્વારા કોઇ જવાબ નહી મળતા પોલિસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, ગૃહ સચિવ શ્રી, D.G.P. સાહેબ ગાંધીનગર સહીતના અધિકારીઓ ને પણ લેખીત રજુઆત કરી હતી. પરંતુ **GISFS નાં ભરતી કૌંભાંડ માં સંડોવાયેલા સામે કોઈ કાર્યવાહી કારવામાં આવી નહી**. તેનાં કારણે **નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ CRPC-૧૫૪ મુજબ GISFS ભરતી કમિટી અને ભરતી કૌંભાંડ માં મુખ્ય ભૂમિકા જેની છે એવા GISFS નાં CEO શ્રી આર. ડી. બરન્ડા સહિતના સામે તપાસ કરાવી પોલીસ ફરિયાદ દાખલ કરાવવા પિટિશન દાખલ કરવામાં આવી હતી.** જે તારીખ 05/07/2024 નાં રોજ નામદાર ગુજરાત હાઇકોર્ટ નાં જજ દેસાઇ સાહેબ દ્વારા **ફરીયાદ અરજી 711/2023 સાંભળી ફરીયાદ દાખલ કરવા અને તપાસ કરી કાર્યવાહી કરવા હુકમ કરેલ** અને CRPC -154 તથા લલીતા કુમારી જજમેંન્ટ મુજબ FIR દાખલ કરવા માર્ગદર્શન આપેલ. આમ છતાં શાહીબાગ પોલીસ સ્ટેશનનાં PI

ઝાલા સાહેબ દ્વારા ફરિયાદી ની ફરિયાદ દાખલ કરવામા આવી નથી. **GISFS નાં CEO એ 100 થી વધારે GISFS નાં ગાર્ડ ને સસ્પેન્ડ કર્યા છે. જેઓ હોમગાર્ડ નાં બનાવટી પ્રમાણ પત્રો થી ગેરકાયદેસર ભરતી થયા હતા. એનો મતલબ ગુન્હો બન્યો** છે એટલે માહિતી અધિકાર અધિનિયમ 2005 મુજબ માહિતી માંગી પુરાવાઓ સાથે લેખીત ફરિયાદ કરી હતી પણ પોલીસ દ્વારા ફરિયાદ દાખલ કરવામા નહી આવતા નામદાર ગુજરાત હાઇકોર્ટમાં આઠ મહિના કાનુની લડત કરી હતી. ગુજરત હાઈકોર્ટ નાં જજમેંન્ટમાં સ્પષ્ટ માર્ગદર્શન અપાયું છે કે લલીતા કુમારી જાજમેંન્ટ મુજબ કાર્યવાહી કરવી. આવો સ્પષ્ટ આદેશ હોવા છતા અને DGP સાહેબના વર્ષ 2013 માં લલીતા કુમારી નાં જજમેન્ટ નાં આધારે પરિપત્ર જાહેર કરેલ જેમાં પણ સ્પષ્ટ જોગવાઈ છે કે કોઇ પણ તપાસ કર્યા વગર ફરિયાદી ની ફરિયાદ દાખલ કરવામા આવે આમ છતાં અમદાવાદ શાહીબાગ પોલીસ સ્ટેશન નાં PI ઝાલા સાહેબ ફરિયાદી ની ફરિયાદ દાખલ કરતાં નથી આ ભરતી કૌભાંડમાં GISFS નાં અધિકારીઓ સંડોવાયેલાં છે એટલે પોલીસ ફરિયાદ દાખલ કરવામા આવતી નથી .

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા